નવરાત્રી મહોત્સવ દરમ્યાન આયોજકોને અનુસરવાની શરતો/સુચના

1. સમગ્ર નવરાત્રિ મહોત્સવનું આયોજન સૌહાદર્ણ રીતે થાય તે જવાબદારી આયોજકોની રહેશે.
2. ગુજરાત સરકાર ગાંધીનગર તરફથી મળેલ મનોરંજન પરવાનાની તમામ શરતોને આધિન રંગભુમિના નવરાત્રિ રાસ-ગરબા કાર્યક્રમ માટે પરવાનો આપેલ છે.
3. ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ (૧)(W) તથા કલમ-૩૮ હેઠળ ઘડાયેલા હુકમના કોઈપણ ભંગ બદલ તે જ અધિનિયમની કલમ અનુક્રમે ૧૩૧ (ક) તથા ૧૩૬ અન્વયે દંડની શિક્ષાને પાત્ર રહેશે અને પોલીસ અધિકારીની હાજરીમાં ભંગ કરવાની સ્થીતિમાં વિના વોરંટે ધરપકડ પણ કરી શકાશે.
4. સરકારશ્રી દ્વારા નક્કી થયા મુજબ તા:૨૨/૦૯/૨૦૨૫ થી તા:૨/૧૦/૨૦૨૫ સુધી ગરબાના કાર્યક્રમો રાત્રિના કલાક ૧૨:૦૦ સુધી જ ચલાવવા પરવાનગી આપવામાં આવેલ છે. જેથી રાત્રિના કલાક ૧૨:૦૦ બાદ માઈક/સાઉન્ડ સીસ્ટમ વગાડી શકાશે નહીં. તેમજ બાકીના દીવસોમાં ગરબા કાર્યક્રમોની પરવાનગી રાત્રિના કલાક ૧૦:૦૦ સુધીની રહેશે.
5. ગરબીની સ્થાપના તેમજ રાત્રિના ગરબાના કાર્યક્રમો જાહેર જનતાને અડચણ/અવરોધરુપ ન થાય તેવી જગ્યાએ દા.ત.: કોમન પ્લોટ, જાહેર ઉપયોગી જગ્યાઓ, ખાનગી પ્લોટ વિગેરે જગ્યાએ થાય તેની તકેદારી રાખવી.
6. એન્ટ્રી/એક્ઝીટ ગેટોની સંખ્યા વધુમાં વધુ કરવાની રહેશે. દરેક ગેટ પર સીસીટીવી કેમેરા લગાવવાના રહેશે.દરેક દરવાજા ઉપર સીક્યુરિટીના માણસો રાખવાના રહેશે. ગરબા સ્થળના Entry અને Exit ગેટ અલગ-અલગ રાખવા તેમજ ઇમરજન્સી ગેટ માટેના અલગ ગેટ માટે આયોજન રાખવું તથા મહિલા- પુરુષોના Entry ગેટ અલગ-અલગ રાખવાના રહેશે, તથા તે દેખાય તે રીતે માર્કિંગ કરવાનું રહેશે
7. ગરબાના કાર્યક્રમની જગ્યાઓએ (૧) લોકોની સલામતિ/સુરક્ષા માટે (૨) મહીલા સુરક્ષા માટે (૩) ટ્રાફીકની જાળવણી માટે તથા (૪) કોઈ પ્રકારના કેફી દ્રવ્યો/ કેફી પ્રવાહી/કેફી પ્રદાર્થના સેવન કરેલ વ્યક્તિ ગરબાના સ્થળે અંદર ન પ્રવેશે તે માટે આયોજક તરફથી એક – એક જવાબદાર વ્યક્તિ ફરજીયાત નિમવાના રહેશે.અને તેઓના નામ/સરનામાં તથા મોબાઈલ નંબર સહીતની વિગત પો.સ્ટે.ખાતે આપવાની રહેશે.
8. ગરબાના સ્થળે આવનાર માણસો પૈકી કોઈપણ વ્યક્તિ ધુમપાન (બીડી/સીગારેટનું સેવન) કરે નહિ તેની ખાસ તકેદારી રાખવાની રહેશે. તે અંગેની સૂચનાઓ દર્શાવતા બોર્ડ લગાવવાના રહેશે.
9. ગરબાનું આયોજન થતું હોય ત્યાં પ્રવેશ દ્વાર પર ડોરફ્રેમ મેટલ ડીટેક્ટર/હેન્ડ મેટલ ડીટેક્ટર તથા સિક્યુરીટી સ્ટાફ તથા Breath Analyzer વગેરે રાખવા અને શંકાસ્પદ વ્યક્તિની શારીરિક ચકાસણી કરવી. કોઈપણ વ્યક્તિ નશાની હાલતમાં જણાય તો તાત્કાલીક પોલીસને જાણ કરવાની રહેશે. મહીલા સુરક્ષા કર્મચારી પણ સલામતી વ્યવસ્થા માટે રાખવા.
10. ગરબાના સ્થળની અંદર કોઈ પણ વસ્તુ નહી લઈ જવા દઈ, પ્રવેશ દ્વાર ખાતે ચેકિંગ કરી જવા દેવાય તેવી વ્યવસ્થા કરવી. આયોજકોએ ફોટા સહિતનું ઓળખપત્ર ધરાવતો જાણીતો સ્ટાફ રાખવો. જેથી અનધિકૃત વ્યક્તિ આયોજક તરીકે પ્રવેશી ન જાય કે ભાંગફોડીયા પ્રવૃત્તિ ન કરી શકે. પ્રવેશની જગ્યાએ તથા ગરબા રમાતા હોય ત્યાં ક્લોઝ સર્કીટ કેમેરા (HD CCTV) લગાવવા. અસામાજીક તત્વો દ્વારા અનિચ્છનિય કૃત્ય ન થાય તેની તકેદારી રાખવી. આવનાર તમામ વ્યક્તિઓનું વ્યવસ્થિત ચેકિંગ થાય તે નિયત કરવાની જવાબદારી આયોજકની રહેશે.
11. ગરબાના ગ્રાઉન્ડ ઉપર કોઈ વ્યકિત બેગ કે બીજી વસ્તુ લઈને આવેતો પ્રવેશદ્વાર પાસે ટોકન આપી જમા લેવી. શંકાસ્પદ વસ્તુ લાગે તો ચકાસણી કરવી.
12. ગરબાનું આયોજન મોટાપાયે કરેલ હોય તથા પ્રખ્યાત કલાકારો આવનાર હોય જેના લીધે ગરબા રમવા આવનાર વ્યકિતઓની સંખ્યા વધુ હોય તો વિશાળ વાહન પાર્કિંગ રાખવું. વાહન પાર્કિંગ અને ગરબાની જગ્યા વચ્ચે સુરક્ષિત અંતર રાખી, પાર્કિંગથી ગરબાના સ્થળના પ્રવેશદ્વાર સુધી યોગ્ય બેરીકેડીંગ રાખવી. ગરબાના સ્થળે ગરબામાં ભાગ લેનાર અને પ્રેક્ષકો વચ્ચે મજબુત બેરીકેડીંગ રાખવી તેમજ વાહન પાર્કિંગના સ્થળે ક્લોઝ સર્કીટ કેમેરા (HD CCTV) લગાવવા. તથા રેકોર્ડીંગનું બેકઅપ રાખવું.

13. આયોજનના સ્થળે ફરજ બજાવતા તમામ સ્વયં સેવકો, ઇલેક્ટ્રીશીયન, સિક્યુરીટીના માણસો, સ્ટોલ ઉપરના માણસો, વિગેરેને ફોટા આઇડેન્ટીટી કાર્ડ આપવુ અને તેઓના નામ, સરનામા અને ફોન નંબરની માહિતી સ્થાનિક પોલીસને અગાઉથી પુરી પાડવી.
14. આયોજકોએ ગરબાના સ્થળની ક્ષમતા વધુ પ્રમાણમાં ટિકિટ/પાસનું વેચાણ/વિતરણ કરવુ નહિ
15. નવરાત્રિ ઉત્સવના પ્રવેશ પાસ ઇસ્યુ કરનાર વ્યકિતના આયોજકે ઓળખ પ્રસ્થાપિત પુરાવા મેળવવાના રહેશે(આધારકાર્ડ, ચુંટણી કાર્ડ, વિગેરે) તથા તે અંગેનુ રેકર્ડ આયોજકોએ રાખવાનું રહેશે. જે પોલીસ સ્ટેશન દ્વારા માંગે રજુ કરવાનું રહેશે.
16. ગરબા સ્થળે ઇલેક્ટ્રીક સિસ્ટમ માટે મેઇન્ટેનન્સ સ્ટાફ હાજર રાખવો અને કોર્પોરેશને નક્કી કરેલ નિયમો અનુસાર અગ્નિશામક સાધનો રાખવા. MCB/MILLB અવશ્ય લગાવવી. વિજળીનો પ્રવાહ બંધ થઇ જાય, તો મુશ્કેલી ઉભી ન થાય તે માટે સ્ટેન્ડ બાય જનરેટર રાખવુ.
17. કોઇપણ શંકાસ્પદ વ્યકિત ગરબામાં જણાય તો તાત્કાલિક સ્થાનિક પોલીસ અને સીટી પોલીસ કંટ્રોલ રૂમ (Dial- 112) ઉપર જાણ કરવી
18. ગરબાઓમાં કાર્યક્રમ માટે ઉભા કરવામાં આવતા મોટા સ્ટેજની મજબુતાઈ અંગે PWDના સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર મેળવવું, તેમજ સ્ટેજ નીચે શંકાસ્પદ વસ્તુઓ અંગે અવાર નવાર ચેકીંગ રાખવું. શંકાસ્પદ વસ્તુ જણાય, તો તાત્કાલીક સ્થાનિક પોલીસને જાણ કરવી અને તે વસ્તુથી લોકોને દુર રાખવા.
19. સરકારશ્રી દ્વારા નિયત કર્યા મુજબ તા:૨૨/૦૯/૨૦૨૫ થી તા:૦૧/૧૦/૨૦૨૫ સુધી ગરબાના કાર્યક્રમ રાત્રીના કલાક ૧૨:૦૦ સુધી જ ચલાવવા પરવાનગી આપવામાં આવેલ છે. જેથી ગરબા કાર્યક્રમ મંજુરી આપેલ સમય મર્યાદામાં પુરા થાય તેની ખાસ તકેદારી રાખવી. રાત્રિના કલાક ૧૨:૦૦ બાદ માઈક/સાઉન્ડ સીસ્ટમ વગાડી શકાશે નહીં. આ સિવાયના અન્ય દિવસોમાં ગરબા કાર્યક્રમોની પરવાનગી રાત્રિના કલાક ૧૦:૦૦ સુધીની રહેશે.
20. શામિયાણા સંબંધીત નામદાર સુપ્રીમ કોર્ટના નિર્દેશોનું પાલન કરવાનું રહેશે.
21. દાંડીયારાસની અવધી દરમ્યાન પાર્કીંગની વ્યવસ્થા કરવાની રહેશે. દરેક વાહનના નંબર, વાહનનો પ્રકાર રજીસ્ટરમાં લખવાની વ્યવસ્થા કરાવવાની રહેશે. આર.સી.બુક અથવા ડ્રાઈવીંગ લાયસન્સ અથવા પોલીસીના પુરાવાની વિગતો રજીસ્ટરમાં લખવાની રહેશે.
22. હાલમાં મનોરંજનની સ્થિતિમાં નિયંત્રણ માટેના ધારાધોરણોના જે ગૃહ ખાતાના ઠરાવ નં-૩૩-૬-એચ તા.૨૮/૪/૮૧ના સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
23. તાજેતરમાં સમાચાર પત્રોમાં જોવા મળતા અહેવાલોને લક્ષમાં લેતા, આયોજન સ્થળે એકત્રિત થનાર જન સમુહ મુજબ જરુરી પ્રાથમિક સારવાર/મેડીકલ સુવિધાઓ ત્વરિત ઉપલબ્ધ બને તે રીતે વ્યવસ્થા ગોઠવવી.
24. નવરાત્રી મહોત્સવ દરમ્યાન આયોજકો/વ્યવસ્થાપકોએ નવરાત્રીના રાસ-ગરબાના સ્થળે પ્રવર્તમાન સંજોગોને ધ્યાને લઈ ગંદકી કે કોઈ રોગચાળો ન ફેલાય તે માટે અગમચેતીના પગલાં ભરવાની જવાબદારી રહેશે.
25. દાંડીયારાસમાં સાંસ્કૃતિક કાર્યક્રમ વખતે પારદર્શક કપડા પહેરવા નહી.
26. ગરબામાં અશ્લીલ પ્રોગ્રામ હશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. તેમજ અઘટીત બનાવ બનશે તો સંપુર્ણ જવાબદારી આયોજકોની રહેશે.
27. આયોજકો દાંડીયા રાસના આયોજન દરમ્યાન જાહેર સુરુચીનો ભંગ થાય કે ધાર્મિક લાગણી દુભાય તેવી ચેષ્ટાવાળા ગીતો વગાડી કે ગવડાવી શકશે નહી તથા ગરબીમાં રમનારા ખેલૈયાઓએ અશિષ્ટ અભદ્ર વેશભુષા ધારણ કરવી નહી. દાંડીયા રાસની વ્યવસ્થા કરવાની આંતરીક જવાબદારી આયોજકોની રહેશે અને કોઈ પણ ગેરકૃત્ય થશે તો કાયદેસર પગલા લેવામાં આવશે.
28. ખાનગી સિક્યુરિટીની મદદમાં ગરબાના આયોજકોએ પોતાના સ્વયં સેવકોને ખાનગી કપડામાં ગરબાના સ્થળ પાર્કિંગ અને આજુબાજુના વિસ્તારમાં શકમંદ હિલચાલ અંગે વોચ રાખવા માટે ગોઠવવા.

29. દરેક ગરબા આયોજકોએ ગરબાના સંચાલન બાબતે ભાગ લેનાર દરેક સભ્યને સુરક્ષાને લગતી સુચનાઓ આપવી અને તેની સમજ આપવી. કોઈપણ પ્રકારની અફવાઓને ઉત્તેજન આપવું નહી કે તેનું ચાલુ ગરબામાં માઈક સિસ્ટમ દ્વારા પ્રસારણ કરવું નહી. કોઈપણ અનિઈચ્છનીય બનાવ બને તો તાત્કાલિક સ્થાનિક આવેલ બંદોબસ્તની પોલીસને તેમજ કંટ્રોલ રૂમને જાણ કરવી.

30. ગરબાના સ્થળે ચારેય દિશામાં ચાર વોચ ટાવર ઉભા કરવા અને આ વોચ ટાવર ઉપરથી વિડીયો શુટીંગ દરરોજે દરરોજનું કરાવવાનું રહેશે અને કલોઝ સરકીટ વિડીયો કેમેરા લગાડવા તથા પોલીસ બંદોબસ્ત પોઈન્ટ ઉપરથી તેનુ નિરીક્ષણ કરી શકે તે રીતે તે જગ્યાએ ટી.વી ગોઠવવાના રહેશે.

31. આયોજકોએ તેમની હદના પોલીસ સ્ટેશનના તેમજ પો.સ્ટેના ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેકટરશ્રી ના તેમજ હોસ્પીટલના, ફાયર સ્ટેશનના અને પોલીસ કંટ્રોલ રૂમના ટેલીફોન નંબરો મેળવીને અવશ્ય રાખવાના રહેશે. ચીફ ફાયર ઓફીસર તરફથી ઈસ્યુ થયેલ એન.ઓ.સી. ની શરતોનું પાલન કરવાનું રહેશે.

32. દિવસ દરમ્યાન પણ ગરબાના સ્થળે જરૂરી સુરક્ષા વ્યવસ્થા ૨૪ કલાક કોઈપણ એક વોચ ટાવર ઉપર ચાલુ રાખવી.

33. નવરાત્રી ઉત્સવ દરમ્યાન માંગવામાં આવેલ મંજુરીવાળા સ્થળ ઉપર નવરાત્રી ઉત્સવ સમીતીના આયોજકો દ્વારા ઉત્સવ વાળી જગ્યાએ રાજકીય કે બિન રાજકિય હોદેદારો/વ્યક્તિ દ્વારા વર્ગવિગ્રહ, સામાજીક ભાવનાઓ કે શાંતિ જોખમાય તેવુ કોઈપણ કૃત્ય ઉશ્કેરણીજનક ભાષણ/પોસ્ટર પ્રદર્શન કે અન્ય કોઇ પ્રવૃતિ કરવાની રહેશે નહી.

34. ગરબા સ્થળે એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરવાની રહેશે તથા તેના આવવા જવા માટે ઈમરજન્સી ગેટની વ્યવસ્થા કરવાની રહેશે.